# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

**પોલીસ ઇન્સ્પેક્ટર(બિન હથિયારધારી ),વર્ગ-૨ (જા.ક્ર.:૩૮/૨૦૧૭-૧૮) ના ઉમેદવારો માટે**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૦૫-૦૨-૨૦૧૮ થી તા.૧૦-૦૨-૨૦૧૮ દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટર **(બિન હથિયારધારી ),** વર્ગ-૨ (જા.ક્ર.:૩૮/૨૦૧૭-૧૮) ની શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST)નું જે. ડી. નગરવાલા સ્ટેડીયમ,પોલીસ હેડક્વાર્ટર, શાહીબાગ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ હતુ. આ શારીરિક ક્ષમતા કસોટી (PET)માં સફળ થયેલ ઉમેદવારો પૈકી શારીરિક માપ કસોટી (PST) માં અસફળ થયેલ ઉમેદવારો પૈકી કુલ ૧૮ ઉમેદવારોએ આયોગ સમક્ષ શારીરિક માપ બાબતે અસંતોષ દર્શાવેલ હતો. આ સંદર્ભે આયોગ દ્વારા આ ઉમેદવારોને મેડીકલ બોર્ડ સમક્ષ શારીરિક માપ ચકાસણી માટે મોકલવાનો નિર્ણય કરેલ છે. આ અંગે મેડીકલ બોર્ડ, સિવિલ હોસ્પિટલ સમક્ષ સમય ફાળવવા બાબતે પત્ર વ્યવહાર કરતાં મેડીકલ બોર્ડ દ્વારા તા.૦૭-૦૩-૨૦૧૮ના દિવસે સવારે ૦૯-૦૦ કલાકે આવા ઉમેદવારોને મોકલી આપવા સમય ફાળવેલ હોઇ આ ઉમેદવારોની શારીરિક માપ ચકાસણી માટે તા.૦૭-૦૩-૨૦૧૮ના રોજ સવારે ૦૯-૦૦ કલાકે સ્ટેન્ડીંગ મેડીકલ બોર્ડ, સિવિલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ ખાતે ઉપસ્થિત થવા માટે સ્પીડ પોસ્ટથી પત્રો રવાના કરેલ છે.આ ઉમેદવારોની શારીરિક માપ ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મેડીકલ બોર્ડનો રીપોર્ટ આવ્યે થી મુખ્ય પરીક્ષા માટે પાત્ર/અપાત્ર ઉમેદવારોનું પરિણામ પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

૨૭-૦૨-૨૦૧૮